# સેકટરોમાં માઈક્રોશોપિંગની દુકાનો કબજાના અભાવે વર્ષોથી ખંડેર

**પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીઓને આ દુકાનો ડ્રો કરીને ફાળવવા અનેકવાર રજુઆત : સરકારને પણ ભાડાની તોતિંગ આવક ગુમાવી : દુકાનો પણ જાળવણીના અભાવે ખંડેર હાલતમાં : બે દાયકાના અંતે પણ કોઇ કાર્યવાહી નહી**



ગાંધીનગર તા ૧૪

શહેરના સેકટરોમાં બે દાયકા પુર્વે ફાળવવામાં આવેલી માઈક્રોશોપિંગની દુકાનો હજુ પણ કબજાના અભાવે ખંડેર હાલતમાં છે. પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ અરજદારોને પણ ન્યાય મળતો નથી. આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાતા નથી. સેકટરોમાં બિન ઉપયોગી આ દુકાનોના લીધે સરકારે પણ ભાડા પેટે તગડી આવક ગુમાવાનો વારો આવ્યો છે. શહેરમાં અંદાજિત ૧૫૦ જેટલી દુકાનો કબજાના અભાવે હાલ પણ બિનવારસી હાલમતાં છે. ત્યારે આ દુકાનો ડ્રો કરીને અન્યને ફાળવી દેવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં છેલ્લા બે દાયકાથી માઈક્રોશોપિંગની દુકાનો કબજાના અભાવે બિનવારસી હાલતમાં છે. સેકટરોમાં લાભાર્થીઓને માઈક્રોશોપિંગની દુકાનો ફાળવી દેવાયા બાદ કબજો ન લીધો હોય તેવા કિસ્સામાં વર્ષો બાદ પણ નામ રદ કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી આ સ્થિતિ વચ્ચે વર્ષોથી પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ અરજદારોને ન્યાય મળ્યો નથી. બીજીતરફ ભાડાની આવકના નામે પણ મીંડુ છે. માઈક્રોશોપિંગની આ દુકાનોના મામલે અરજદારોને ન્યાય મળે તે માટે મુખ્યમંત્રીના ઓનલાઈન કાર્યક્રમમાં પણ વખતો વખત રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ કાર્યવાહી થતી નથી. પાટનગર યોજના વિભાગ પણ માઈક્રોશોપિંગની દુકાનો અન્વયે જાળવણી ન કરતા આ દુકાનો હાલ ખાલી દુકાનો પણ ખંડેર બનતી જાય છે.

શહેરમાં લારી ગલ્લા ધારકો માટે ઘણાં વર્ષો અગાઉ માઈક્રોશોપિંગની દુકાનોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. ડ્રો ના અંતે શહેરમાં કુલ ૫૪૦ દુકાનો ફાળવવામાં આવી હતી. પરંતુ ફાળવણીના અંતે પણ અંદાજિત ૧૫૦ જેટલા લાભાર્થીઓને દુકાનોની ફાળવણી કરાયા બાદ પણ તેમણે આ દુકાનોનો કબજો લીધો નથી. છેલ્લા ઘણાં સમયથી ખંડેર બનતી આ દુકાનો અન્ય લાભાર્થીઓને પગભર કરવા માટે પણ કામે લાગી નથી. સેકટરોના શોપિંગમાં સ્થિત દુકાનોની દિવાલો પણ ભયજનક હાલતમાં જોવા મળી રહી છે. શહેરના સે-૨૭, સે-૧૬ અને સચિવાલય સહીતના વિસ્તારમાં માઈક્રોશોપિંગની ખાલી દુકાનોની સંખ્યા વધુ છે. આ મામલે લાભાર્થીઓએ જિલ્લા કલેકટરને પણ રજુઆત કરી છે. પરંતુ માઈક્રોશોપિંગનો વર્ષો જુના આ પ્રશ્નનુ હજુ સુધી નિરાકરણ આવ્યુ નથી. જયારે બે દાયકાથી આ દુકાનો અન્વયે સરકારને ભાડા પેટે લાખોની આવક ગુમાવાનો વારો આવ્યો છે.

# કોરોનાની સંભવિત ત્રીજી લહેરના મક્કમતાથી મૂકાબલા માટે કાર્યયોજના

**સંભવિત ત્રીજી વેવને આવતી અટકાવવી-તીવ્રતા ઇન્ટેસીટી ઘટાડવી અને સંભવિત આ ત્રીજી વેવમાં કેસો વધે તો સારવાર પ્રબંધનમાં પહોચી વળવા આરોગ્ય તંત્રનું ક્ષમતા વર્ધન કરવું નો બેવડો વ્યૂહ રણનીતિમાં અપનાવતા વિજયભાઈ રૂપાણી**

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત કોવિડ-૧૯ કોરોનાની સંભવિત ત્રીજી લહેરના મક્કમતાથી મૂકાબલા માટે સંપૂર્ણ સજ્જ છે. રાજ્ય સરકાર આ હેતુસર એક વિસ્તૃત અને નક્કર કાર્યયોજના એકશન પ્લાન ઘડી ''હારશે કોરોના-જીતશે ગુજરાત''ના મંત્ર સાથે કોરોનાની આવનારી સંભવિત ત્રીજી લહેર સામે પણ ફતેહ હાંસલ કરશે. એવો નિર્ધાર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વ્યકત કર્યો છે.



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામેના રાજ્ય સરકારના એકશન પ્લાન-રણનીતિની જાહેરાત કરતાં આ નિર્ધાર વ્યકત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય સચિવ અનિલ મૂકીમ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન અને આરોગ્યના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલની ઉપસ્થિતીમાં મુખ્યમંત્રીએ આ એકશન પ્લાન-રણનીતિ પ્રચાર માધ્યમો સમક્ષ જાહેર કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## આ છે રાજ્ય સરકારની કાર્યયોજના

- બીજી લહેરમાં રાજ્યમાં એક્ટિવ કેસ ૧.૪૮ લાખ હતા તેની સામે સંભવિત ત્રીજી શહેરમાં ૨.૫ લાખ એક્ટિવ કેસ થાય તો તેને લક્ષમાં રાખી ઓક્સિજન બેડની સંખ્યા ૬૧,૦૦૦ વધારી ૧,૧૦,૦૦૦ કરવાની કાર્યયોજના ઘડી કાઢવામાં આવી છે.
- રાજ્યમાં આઈ.સી.યુ. બેડની સંખ્યા ૧૫ હજારથી વધારીને ૩૦ હજાર કરવામાં આવશે, વેન્ટિલેટરની સંખ્યા ૭ હજારથી વધારે ૧૫ હજાર કરવામાં આવશે અને રાજ્યમાં કોવિડ ફેસિલિટી ૧૮૦૦થી ૨૪૦૦ કરવામાં આવશે.
- સંભવિત ત્રીજી લહેરમાં ઓક્સિજનની માંગને પહોંચી વળવા ઓક્સિજન ક્ષમતા ૧૧૫૦ મેટ્રીક ટનથી ૧૮૦૦ મેટ્રિક ટન, પી.એસ.એ. પ્લાન્ટ ૨૪ થી ૪૦૦ તથા પી.એસ.એ. પ્લાન્ટની ક્ષમતા ૨૦ મેટ્રિક ટનથી ૩૦૦ મેટ્રિક ટન અને ઓક્સિજન કોન્સન્ટ્રેટરની સંખ્યા ૭૦૦થી વધારે ૧૦,૦૦૦ કરવામાં આવશે.
- રેમડેસિવિર, એમ્ફોટેરિસિન-બી, ટોસિલ્લિઝુમેબ, ફેવિપેરાવિર ટેબલેટ વગેરે દવાઓના બીજા વેવમાં થયેલા વપરાશને આધારે ત્રીજા સંભવિત વેવ માટે પૂરતો જથ્થો પ્રોક્યોર કરવામાં આવશે.
- સ્પેશિયાલિસ્ટ તબીબોની સંખ્યા ૨૩૫૦ વધારી ૪૦૦૦ એમ.બી.બી.એસ. તબીબની સંખ્યા ૫૨૦૦થી વધારી ૧૦,૦૦૦ નર્સની સંખ્યા ૧૨ હજારથી વધારી ૨૨,૦૦૦ વર્ગ-૪ના કર્મચારીઓની સંખ્યા ૮ હજારથી વધારે ૧૫ હજાર અને અટેન્ડન્ટની સંખ્યા ૪૦૦૦ થી વધારે ૧૦ હજાર કરવાનો નિર્ણય કર્યો છે.
- સંભવિત ત્રીજી લહેર માટે ટેસ્ટીંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટની ટ્રીપલ ટી સ્ટ્રેટેજી રૂપે સર્વેલન્સ યુનિટની સંખ્યામાં ૧૪ હજારથી વધારો કરી ૨૧ હજાર અને સર્વેલન્સની ટિમની સંખ્યામાં ૨૧ હજારથી વધારો કરી ૬૦ હજાર કરાશે.
- આ સાથે રાજ્યમાં આરટીપીસીઆર ટેસ્ટની સંખ્યા રોજના ૭૫ હજારથી વધારી ૧.૨૫ લાખ કરાશે અને કુલ ટેસ્ટની સંખ્યા જે દરરોજ ૧.૭૫ લાખથી વધારી ૨.૫ લાખ કરવામાં આવશે. આરટીપીસીઆર લેબની સંખ્યા ૧૦૪ થી વધારી ૧૫૫ તથા આરટીપીસીઆર ટેસ્ટ મશીનની સંખ્યા ૨૩૪ થી વધારી ૨૮૫ અને સિટી સ્કેન મશીનની સંખ્યા ૧૮ થી વધારી ૪૪ કરવામાં આવશે.
- મુખ્યમંત્રીએ ધનવંતરી રથની સંખ્યા ૧૫૦૦ થી વધારી ૩૦૦૦ અને સંજીવની રથની સંખ્યા ૧૪૦૦ થી વધારી ૩૦૦૦ કરવાનું પણ આ રણનીતિ કાર્યયોજનામાં સૂચવ્યું છે.
- કોવિડ-૧૯ કેસોનું તેમજ સારવારનું સીધું નિયંત્રણ અને મોનિટરીંગ મુખ્યમંત્રીકક્ષાએથી થઈ શકે તે હેતુસર જિલ્લા સ્તરે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરાશે.
- આ સેન્ટર્સ મુખ્યમંત્રીના નિવાસસ્થાને સી.એમ ડેશબોર્ડ સાથે રિયલ ટાઈમ અપડેટથી જોડાયેલા રહેશે.

# ગ્રામ્ય વિસ્તારની પ્રા. શાળાઓમાં ૧૧,૨૫૯ બાળકોએ એક સપ્તાહમાં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં શાળાઓ શરૂ થયાના એક સપ્તાહમાં ૧૧,૨૫૯ બાળકોએ સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવ્યો છે. સરકારી શાળામાં એક જ સપ્તાહમાં આટલી મોટી સંખ્યામાં બાળકોએ પ્રવેશ મેળવતાં તંત્રમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૨૦૮૧ હતી. આ અંગે તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. આ પૈકી ૧૧૨૫૯ બાળકોએ પ્રવેશ મેળવી લીધો છે.

દહેગામમાં પ્રવેશપાત્ર સર્વે પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૪૦૨૧ બાળકો, દહેગામમાં ૩૩૩૫ બાળકો, માણસામાં ૧૮૦૦ બાળકો અને કલોલમાં ૨૯૨૫ બાળકો પ્રવેશપાત્ર મળી આવ્યા છે.

શાળાઓ શરૂ થવાને એક સપ્તાહ થયુ છે. શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી વિના પ્રવેશ આપવાનો પ્રારંભ કરી દેવાયો હતો. જેમાં ગાંધીનગરમાં ૩૪૬૯, દહેગામમાં ૩૫૩૮, માણસામાં ૧૫૯૯ અને કલોલમાં ૨૬૫૩ બાળકોએ પ્રવેશ મેળવી લીધો છે.

બાળકો સર્વેમાં જે જણાયા હતા તેના કરતાં વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સરકારી પ્રા. શાળામાં શિક્ષણ બાળકો મેળવે તે ક્રેઝ પુનઃ પ્રસ્થાપિત થઈ રહ્યો હોવાનું જણાયુ છે. શહેરમાં ગયેલા પરિવારો ગ્રામીણ વિસ્તારમાં પરત ફર્યા છે અને તેમના બાળકોને સરકારી શાળામાં અભ્યાસ માટે મુકી રહેલા જણાયા છે.

ઘણા લાંબા સમય પછી શાળા ખુલ્યાના એક જ સપ્તાહમાં ૧૦ હજાર કરતાં પણ વધુ બાળકોએ શાળામાં પ્રવેશ લીધો છે.

## નવા કેસના આંકડામાં વિસંગતતા

# સરકાર કહે છે જિલ્લામાં ૧૩ કેસ, તંત્ર કહે છે ૧૦ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં બે કેસ : માણસા-કલોલમાં ૧-૧ કેસ નોંધાયો : શહેરમાં ધોળાકુવામાં બે કેસ સહિત છ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં ૯૫૦૫ દર્દીઓ રિકવર થયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સરકાર અને સ્થાનિકતંત્ર વચ્ચેનો તફાવત આજે જોવા મળ્યો છે. રાજ્ય સરકારે જિલ્લામાં ૧૩ કેસ નોંધાયાનું જણાવ્યુ છે તો સ્થાનિકતંત્રએ જિલ્લામાં ૧૦ કેસ નોંધાયાનું જણાવ્યું છે.

રાજ્ય સરકારના કહેવા મુજબ શહેરમાં ૮ કેસ અને ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા છે જ્યારે સ્થાનિકતંત્રએ શહેરમાં ૬ અને ગ્રામ્યમાં ૪ કેસ નોંધાયાનું જણાવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૨, કલોલ અને માણસામાં એક-એક કેસ નોંધાયેલ છે. આજે નોંધાયેલ કેસમાંથી એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામેથી એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રતનપુર ગામેથી પણ એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી એક કેસ મળી આવેલ છે. જ્યારે માણસામાં કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૫૦૫ દર્દીઓ સાજા થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫૪૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૬ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૧૨ વર્ષની દિકરી પણ સંક્રમિત થયેલી મળી આવેલ છે.

શહેરમાં આજે ધોળાકુવા ગામમાંથી બે કેસ તેમજ સે, ૨, ૩, ૩-એ-ન્યુ અને વાવોલમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ ૯૬ ટકાએ પહોંચ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૬૦ જેટલા એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે.

# રસીકરણની રાજનીતિથી પાટનગરમાં રાજકારણ ગરમાયુ

**સે. ૧૩ માં રસીકરણ કેમ્પના આયોજન અંગે ભાજપ અને આપના સામસામા દાવા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં રસીકરણના કેમ્પને લઈ ભાજપ અને આપ આદમી પાર્ટી વચ્ચે રાજનીતિ શરૂ થઈ હોવાથી શહેરનું રાજકીય વાતાવરણ ગરમાયુ છે.

સે. ૧૩ માં ઓમકાર સ્કુલ મહાત્મા મંદિરની સામે આજે યોજાનાર રસીકરણના કેમ્પનું આયોજન ભાજપ અને આપ આદમી પાર્ટીએ કર્યુ હોવાના દાવા સાથે સોશ્યલ મિડિયામાં પ્રચાર અભિયાન છેડ્યુ હતુ. બન્ને પક્ષોએ રસીકરણ કેમ્પનું સ્થળ સમય એક જ દર્શાવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે કોરોનાના પ્રતિકાર માટે હાથ ધરવામાં આવેલ રસીકરણ અભિયાનને લઈ રાજનીતિ શરૂ થતાં શહેરના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

બીજી તરફ ભાજપે આજે એક અખબારી યાદીમાં ૧૫મી જૂનને મંગળવારે સે. ૬ ખાતેના સંત રોહિતદાસ મંદિર ખાતે અનુ. જાતિ મોરચા દ્વારા કોવિશિલ્ડ વેક્સીનેશન કેમ્પનું આયોજન ૪૫ થી વધુ વય ધરાવતા લોકો માટે કરવામાં આવ્યાનું પણ જણાવ્યુ છે.

સે. ૧૩ માં ભાજપ અને આપના કાર્યકરો રસીકરણ કેમ્પના સ્થળે એક સાથે જોવા મળશે તેને લઈ પણ પાટનગરમાં રાજકીય ઉત્તેજના વધી છે.

# શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા માટે સર્વે હાથ ધરાશે

**શહેરના મુખ્યમાર્ગો આસપાસ ફુટપાથ પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હોવાથી વોકીંગ કરવાનુ પણ જોખમી**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ હાલ લાંબા સમયથી કંગાળ અને જોખમી હાલતમાં છે. ફુટપાથની જાળવણીનુ કામ તદન વિસરાઇ જતા સેકટરવાસીઓ પણ પરેશાન છે. ત્યારે તંત્ર દ્વારા હવે ફુટપાથના ગાબડા પુરવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો આસપાસ ફુટપાથનુ રોડ નેટવર્ક ઉભુ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. આમ નાગરિકોને વોક વે મળી રહે તેમજ મુખ્યમાર્ગોની આભામાં વધારો થાય તે માટે ફુટપાથ નિર્માણની કામગીરી દોઢ દાયકા પુર્વે હાથ ધરવામાં આવી હતી જયારે પ્રથમ તબક્કામાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર ફુટપાથ બનાવવામાં આવી હતી. ત્યાર બાદ તબક્કાવાર ફુટપાથનુ નેટવર્ક વધારવામાં આવ્યુ હતુ. હાલ શહેરના તમામ મુખ્યમાર્ગો આસપાસ વોક વે જોવા મળે છે. નગરના ઉભા આડા માર્ગો ઉપરાંત સેકટરોને જોડતા માર્ગો આસપાસ પણ ફુટપાથ તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ છેલ્લા બે વર્ષથી ફુટપાથ નાગરિકો માટે સમસ્યા રૂપ બની છે. કોર્પોરેશને વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાનુ કામ પુર્ણ કર્યુ ત્યાં સુધીમાં શહેરના સેકટરોમાં મોટાભાગની ફુટપાથ ચિથરેહાલ બની ગઈ હતી. ફુટપાથ નીચેથી લાઈન પસાર કરવા ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદી ઝાપટા સાથે જ માટી પોલાણના લીધે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. હાલ પણ શહેરમાં ફુટપાથ પર મોટામસ ગાબડા વોકીંગ કરનારાઓ માટે જોખમી બન્યા છે. લાંબા સમયથી ફુટપાથની જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ નથી. ત્યારે હવે તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા માટે આયોજન કરવામાં આવશે. આ મામલે તંત્ર દ્વારા શહેરમાં ફુટપાથના નેટવર્કનો પ્રથમ સર્વે હાથ ધરાશે ત્યારબાદ રીપોર્ટ સુપ્રત કરીને વોક વે ને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે ફુટપાથની જાળવણીના અભાવે કેટલાક ઠેકાણે આખી ફુટપાથ જ અદ્રશ્ય થઈ ગઈ છે.

**છેલ્લા બે વર્ષથી ફુટપાથ નાગરિકો માટે સમસ્યા રૂપ બની છે. કોર્પોરેશને વરસાદી પાણીના નિકાલની લાઇન નાંખવાનુ કામ પુર્ણ કર્યુ ત્યાં સુધીમાં શહેરના સેકટરોમાં મોટાભાગની ફુટપાથ ચિથરેહાલ બની ગઇ હતી.**


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
મિલકતવેરા શાખા,
ગ્રાઉન્ડ ફ્લોર, મહાનગર સેવાસદન, બહુમાળી ભાવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
મ્યુનિ. પ્રોપર્ટી ટેક્સ
સને ૨૦૨૧-૨૨ ના એડવાન્સ ટેક્સ ઉપર
૧૦% વળતરની યોજના તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી.
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિલકતવેરા ઉપર ૧૦% વળતર યોજના તા.૧/૪/૨૦૨૧થી તા.૩૧/૦૫/૨૦૨૧ સુધી હતી. જે લંબાવીને તા.૩૦/૦૬/૨૦૨૧ કરવામાં આવેલ છે.
● વાણિજ્યિક તથા બિન વાણિજ્યિક મિલકતના કરદાતા તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી મિલકતવેરાની રકમ ભરપાઈ કરે તેને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એડવાન્સ રીબેટ યોજના અંતર્ગત ૧૦% વળતર તેમજ મહિલા માલિક હોય તો ૫% વળતર અને ઓનલાઈન મિલકતવેરાની ચુકવણીનું ૨% વળતર આમ કુલ ૧૭% વળતર મળશે.
● બીલ ભરવા આવો ત્યારે જુનું બીલ કે નાણાં ભર્યાની પાવતી સાથે લાવવા વિનંતી.
પ્રોપર્ટી ટેક્સ નજીકના સિવિક સેન્ટર પર (સમય સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક) તથા વેબસાઈટ www.gandhinagarmunicipal.com અને www.enagar.gujarat.gov.in પરથી ઓનલાઈન પણ ભરી શકાશે. ઓનલાઈન ટેક્ષ ભરવા માટેની તબક્કાવાર માર્ગદર્શિકા વેબસાઈટ www.gandhinagarmunicipal.com પર ઉપલબ્ધ છે.
- મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com